1. 'રાજતરંગિણી' ગ્રંથનું શું મહત્ત્વ છે?

➢ 'રાજતરંગિણી' ગ્રંથની રચના કવિ કલાણે કરી છે. કશ્મીરના ઈતિહાસને આલેખતો આ ગ્રંથ કાવ્યાત્મક પદ્યશેલીમાં રચાયો છે. આ ગ્રંથ ભારતનો સૌપ્રથમ માન્ય ઐતિહાસિક ગ્રંથ છે.

2. બૃહદેશ્વર મંદિરની વિશેષતા જણાવો.

➢ તમિલનાડુના તંજાવૂરના ચોલવંશના મહાન રાજા ચોલે બૃહદેશ્વરનું શિવમંદિર બંધાવ્યું હતું. આ મંદિર રાજરાજેશ્વર મંદિર તરીકે પણ ઓળખાય છે. 65 મીટરની ઊંચાઈ ધરાવતું આ સ્થાપત્ય પ્રાચીન ભારતનું સૌથી મોટું મંદિર છે. આ મંદિરની વિશેષતા એ છે તેનો પડાશયો કદી પૃથ્વી પર પડતો નથી.

3. ખજૂરાહોનાં મંદિરોની વિશેષતા જણાવો.

➢ 11મી સદીમાં વાષિાનના મધ્ય પ્રદેશમાં ચંદેલવંશ રાજધાની ખજુરાહો હતી. અહી ગ્રેનાઈટ પથ્થરોમાંથી 80 મીટર નિર્માણ થયું છે. વર્તમાનમાં માત્ર 25 મંદિરો હયાત છે. મુખ્ય મંદિરોમાં શિવ, લહમણ, પાપતી, ચતુભૂજ વગેરે દેવોનાં મંદિર છે. ખજૂરાહોનાં મંદિરોમાં કામશાસ્ત્રને લગતાં શિલ્પો છે, તેની શિલ્પ કલાને ભારતની શ્રેષ્ઠ શિલ્પકલા માનવામાં આવે છે.

4. મોઢેરાના સૂર્યમંદિરની વિશેષતા જણાવો.

➢ સોલંકીવંશના રાજા ભીમદેવ પ્રથમ મોઢેરા (મહેસાણા)માં સૂર્યમંદિર બંધાવ્યું હતું. પૂર્વ દિશાના પ્રવેશદ્વારમાંથી સૂર્યનું પ્રથમ કિરણ ગર્ભગૃહમાં રહેલ સુર્યનારાયણની મૂર્તિના મુકુટના મણિ પર પડતાં આખું મંદિર દિવ્યપ્રકાશથી ઝળહળી ઊઠતું હતું. શ્રેષ્ઠ સ્થાપત્ય અને કલાવણ્ય ધરાવતી આ મંદિરની વર્તમાનમાં માત્ર ભગ્નાવશેષો જ રહ્યા છે.

5. ઈલોરાની ગુફામાં આવેલા કૈલાસ મંદિરની વિશેષતા જણાવો.

➢ મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લામાં ઈલોરાની ગુફામાં કૈલાસ મંદિર આવેલું છે. ભારતનું આ સૌથી મોટું શિલ્પ સ્થાપત્યયુક્ત મંદિર છે, આખું મંદિર પર્વતની વિશાળ શિલામાંથી કોતરવામાં આવેલું છે. આ મંદિર રાષ્ટ્રકુટવંશના રાજા કૃષ્ણરાજ પહેલાએ બંધાવ્યું હતું. આ મંદિરની ઊંચાઈ 30 મીટર, લંબાઈ 50 મીટર અને પહોળાઈ 33 મીટર છે. અહી, હાથીનું એક વિશાળ અને વિખ્યાત શિલ્પ આવેલું છે.

6. હર્ષવર્ધન પછીના સમયમાં થયેલા ચિત્રકલાના વિકાસની સમજૂતી આપો.

➢ અગાઉના સમયમાં ભારતીય ચિત્રકલાનું આલેખન તાડપત્રો પર કરવામાં આવતું હતું. હર્ષવર્ધન પછીના સમયમાં દક્ષિણ ભારતમાં ભીતચિત્રોનું નિર્માણ થયું. ઈલોરા, એલિફન્ટા વગેરે ગુફાઓનાં ભીતચિત્રો કલાના શ્રેષ્ઠ નમૂનાઓ છે. રાજમહેલો અને મંદિરોની દીવાલો પર ભીતચિત્રો દોરવામાં આવતાં હતાં. આ ભીતચિત્રો મધ્યકાલીન ચિત્રકલાની મુખ્ય વિશેષતા હતી. જયપુર, કિશનગઢ, મેવાડ, બુંદી, બિકાનેર, જોધપુર વગેરે

રાજસ્થાની ચિત્રકલાનાં કેન્દ્રો હતાં. જૈન ધર્મમાં ચિત્રો દોરવાનું ખાસ પ્રચલિત હતું. આ ચિત્રોનાં કદ નાનાં હતાં અને તેમાં લાલ રંગનો સવિશેષ ઉપયોગ થતો હતો.

7. હર્ષવર્ધન પછીના સમયમાં થયેલા વેપાર અને વાણિજ્યના વિકાસની સમજૂતી આપો.

- હર્ષવર્ધન પછીના સમયમાં ઉત્તર ભારતમાં વારાણસી અને મથુરા તથા દક્ષિણ ભારતમાં મદુરાઈ અને અરિકામંડ વેપાર-ઉદ્યોગનો મોટાં કેન્દ્રો હતાં. બંગાળમાં તામ્રલિપ્તિ અને દક્ષિણમાં કાવેરીપટ્ટનમનુ સમૃદ્ધ બંદરો હતા. આ બંદરોએથી ઈરાન, ચીન, અગ્નિ એશિયાના દેશો, મધ્ય એશિયાના દેશો અને પશ્ચિમના દેશોમાં ભારતના માલસામાનની નિકાસ થતી હતી. અહીના વેપારીઓ સ્થળ માંગે તથા જળમાર્ગે દૂરદૂરના દેશો સાથે વેપાર કરતા હતા. વલભી, ભૃગુકચ્છ (ભરૂચ), દ્વારકા, પ્રભાસપાટણ ,સ્તંભતીર્થ -સ્તંભભેર (ખંભાત) વગેરે ગુજરાતનાં મુખ્ય વેપારીકેન્દ્રો હતાં. અહીના બંદરોએથી કાપડ, ચામડું, મરીમસાલા, ખાંડ, ગળી, ગુગળ,લાખ વગેરે ની વિદેશોમાં નિકાસ થતી હતી અને વેપારીઓ પુષ્કળ ધન કમાતા હતા.
- વિદેશોમાંથી સોનું, ચાંદી, તાંબું વગેરેની આયાત થતી હતી. ઈરાન વગેરે દેશોમાં જગડુશા જેવા ગુજરાતી વેપારીઓનો મોટો વેપાર ચાલતો હતો. વાહનવ્યવહારનાં સાધનો તરીકે હાથી, ઘોડા, ગાડી, હોડી વગેરેનો ઉપયોગ થતો. વણઝારા લોકો વાહનવ્યવહારના વ્યવસાયમાં જોડાયેલા હતા. તોલમાપનાં સાધનોમાં ‘પાલી’, ‘પવાલા’ અને ‘મણ’નો વ્યવહાર હતો. સોનામાં ભારેઅને પ્રવાહીમાં ‘ઘડી’ વજનનાં માપ હતાં. વ્યવહારો વિનિમય પદ્ધતિથી થતા હતા. નાણાં માટે ’દ્રમ’ નામના સિક્કાનો ઉપયોગ થતો.